**647510** **BA0GujCC622A** **Seat No :________**

# B.A. Semester - 6 (*CBCS*) Examination
# May/June-2021 (OLD COURSE)
# GUJARATI: P22 APATHIT: KAVYA NO ASWAAD, GADHYKHAND NU VIVRAN, SAHITYIK SANSKRUTIK NIBANDHO(CORE - 22)

**Time: 1:30 Hours** **Marks: 42**

**Instructions:**
1. Figures to the right indicate marks.
2. There are five questions in the question paper.
3. Answer any three of the following questions.

---

પ્રશ્ન-૧ નીચેનામાંથી કોઈપણ એક કાવ્યનો આસ્વાદ કરો. (૧૪)

સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી મ્હાલે,
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.
પાદર બેસી ફફળી ઊઠતી ઘરચોળાની ભાત,
ડૂસકે ડૂસકે હડસેલાતી બાળપણાની વાત.
પૈંડું સીંચતાં રસ્તો આખો કોલાહલમાં ખૂંપે.
શૈશવથી ચીતરેલી શેરી, સૂનકારમાં ડૂબે.
જાન વળાવી પાછો વળતો દીવડો થરથર કંપે.
ખડકી પાસે ઊભો રહીને અજવાળાને ઝંખે.
સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘકતી મ્હાલે,
કેસરિયાળો સાફો ઘરનું ફરિયું લઈને ચાલે.

અનિલ જોશી

અથવા

સ્વર્ગની એકેક દેવીની ઝલકમાં દીકરી
છે સુખદ-ચંદન ને કુમકુમનાં તિલક્માં દીકરી.
સ્નેહનું ઝરણું ફૂટે એનું જ આ પરિણામ છે.
કોતરે છે કોઈ વરસોથી ખડકમાં દીકરી.
લાજ-મર્યાદા, શરમ, ગૌરીવ્રતોની હારમાં
ઊછરે છે રોજ કાયમથી ફડકમાંદીકરી.
જે શિરે હું હાથ ફેરવતો, હવે એ હાથ દે,
વિસ્તરે છે એમ સમજણના ફલકમાં દીકરી.
સૂર,શરણાઈ,સગાંસંબંધીઓની ભીંડમાં,
રોજ ભીની થાય છે ભીની પલકમાં દીકરી.

અશોક ચાવડા 'બેદિલ'

પ્રશ્ન-૨ નીચેનામાંથી કોઈપણ એક ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

પ્રતીક એ વાચકને ગૂંચવવા કોઈ બુદ્ધિશાળીએ રચેલો કોયડો નથી.અલબત્ત,અકવિઓ તેનો એવો ઉપયોગ કરે છે. પ્રતીક સાચા અર્થમાં,કવિના અનુભવજગત સુધી પહોંચવા માટેના દ્વારની ગરજ સારે છે. પ્રતીક કવિને ઘણીવાર તેની પોતાની ચેતનાના વિસ્તારમાંથી મળે છે. તો કોઈવાર સાહિત્ય અને સંસ્કૃતિના વારસામાંથી સાંપડે છે...પ્રત્યેક પ્રતીક પાછળ પણ સામાજિક,સાંસ્કૃતિક અને ઐતિહાસિક પ્રણાલિકા રહેલી છે. પ્રતીક આખરે કવિતાને માટે છે; કવિતા પ્રતીક માટે નથી.જેને શોધવા નીકળવું પડે એ પ્રતીક નથી. જે આપમેળે ઊગી નીકળે તે પ્રતીક છે.

હરીન્દ્ર દવે

અથવા

જ્યાં સરસતા જ પરબ્રહ્મ છે. રસિકતા જ ગુરૂ છે. જ્યાં રસાસ્વાદ જ પૂજા પૂજકને અધિકાર અર્પે છે તે કલા અને સાહિત્યના મંદિરમાં બીજા દેવોની પૂજા અસ્થાને થાય છે અને આનંદપ્રાપ્તિના નિર્માણમાં અંતરાયરૂપ થઈ પડે છે; અને આ વિષકન્યાની વાત ગમે તેવી મીઠી અને આકર્ષક લાગે, પણ તેનો સ્પર્શ વિષ પ્રસારવાનો છે અને એ વિષ રસાસ્વાદ અને રસદ્રષ્ટિ બંનેને નિશ્ચેતન કરે છે.

કનૈયાલાલ મુનશી

પ્રશ્ન-3 નીચેનામાંથી કોઈપણ એક(૧) નિબંધ લખો. (૧૪)

(૧) સાહિત્ય એ સમાજનું દર્પણ છે

(૨) માનવજીવનમાં સાહિત્યનું સ્થાન

(૩) મારો પ્રિય સાહિત્યકાર

(૪) મારી પ્રિય સાહિત્યકૃતિ

પ્રશ્ન-૪ નીચેનામાંથી કોઈપણ એક(૧) નો વિગતે પરિચય આપો. (૧૪)

(૧) આજનું શિક્ષણ દશા અને દિશા

(૨) લોકશાહી ક્યા માર્ગે?

(૩) કોરોના – એક વૈશ્વિક મહામારી

(૪) વર્તમાન શિક્ષણપ્રથા અને વિદ્યાર્થી અજંપો

પ્રશ્ન-૫ નીચેનામાંથી કોઈપણ બ(૨) નો જવાબ આપો. (૧૪)

(૧) તમારા શહેરના માર્ગોની ખરાબ સ્થિતિ વિશે યોગ્ય અધિકારીને અરજી લખો.

(૨) તમારી કોલેજમાં દ્વારા ઉજવાયેલ 'વિશ્વ માતૃભાષા દિન'ની ઉજવણીનો અહેવાલ લખો.

(૩) 'નીતિ એ કલાની વિષકન્યા છે'. ક.મા.મુનશી(અર્થવિસ્તાર કરો.)

************************